ડભોડીયા દાદાને ૧૬૦૦ ડબા તેલનો અભિષેક

ભવ્ય શોભાયાત્રા સાથે મારુતિ યજ્ઞ અને મહાઆરતી જેવા પ્રસંગો ઉજવાયાં : ૧૫૧ કિલોની કેક કાપીને દાદાનો હેપ્પી બર્થ ડે સેલીબ્રેટ કરાયો

ગાંધીનગર, તા.૧૬

આજે સમગ્ર ગાંધીનગર તાલુકામાં ચૈત્રી પૂનમ નિમિત્તે રામભક્ત શ્રી હનુમાનજીની જન્મજયંતિની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગરના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડભોડિયા હનુમાનજી મંદિરે મારુતિ યજ્ઞ, શોભાયાત્રા, ધ્વજારોહણ અને મહાઆરતી જેવા ધાર્મિક પ્રસંગો ઉજવાયા હતાં. આ સાથે ડભોડીયા દાદાને આજે ૧૬૦૦ ડબા તેલનો અભિષેક કરવામાં આવ્યો હતો તેમજ ૧૫૧ કિલોની કેક કાપીને દાદાનો હેપ્પી બર્થ ડે સેલીબ્રેટ કરાયો હતો.

ગાંધીનગર તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ તથા શ્રધ્ધાળુઓના આસ્થાના કેન્દ્ર સમા સ્વયંભૂ ડભોડિયા હનુમાનજી મંદિરે હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત તાલુકાના ચંદ્રાલા, છાલા, ઈસનપુર, મોટા જાખોરા, ચિલોડા અને શિહોલી મોટીમાં પણ હનુમાન જયંતી નિમિત્તે ધાર્મિક પ્રસંગો ઉજવાયા હતા. ગ્રામ્ય વિસ્તારમાં ઠેર ઠેર સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. ડભોડીયા હનુમાનજીના મંદિરે વહેલી સવારે મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારબાદ ડભોડિયા દાદાને એક પછી એક આશરે ૧૬૦૦ ડબા તેલનો અભિષેક કરવામાં આવ્યો હતો.

તાલુકાના અન્ય ગામોમાં પણ શ્રદ્ધાપૂર્ણ ઉજવણી

આ ઉપરાંત ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામે પણ હનુમાનદાદાનો જન્મોત્સવ ઉજવાયો હતો અને સર્વ ધર્મ સમભાવનો સંદેશ સાથે સમાજના તમામ ભાવિક ભક્તોએ મળીને હનુમાન દાદાની ભવ્ય શોભાયાત્રા યોજી હતી. ઈસનપુર મોટા ગામે હનુમાન દાદાના જન્મ મહોત્સવમાં ભાવિકો દ્વારા વિવિધ પાત્રોની વેશભૂષા સહિત શોભાયાત્રાનું આયોજન કર્યું હતું જેમાં અબીલ ગુલાલની છોળો ઉડવા પામી હતી. ચિલોડા મોટા ગામે બહુચર માતાના મંદિરે દર વર્ષની પરંપરા મુજબ હવનનું આયોજન વિષ્ણુભાઈ પટેલના યજમાનપદે શાસ્ત્રીજી રાજેન્દ્ર રાવલ દ્વારા શાસ્ત્રોકત વિધિપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો ગ્રામજનોએ મોટી સંખ્યામાં જોડાઈને આ યજ્ઞમાં આહુતિ આપવા સાથે દર્શન-પ્રસાદનો લાભ લીધો હતો.

આજે વહેલી સવારથી જ ડભોડિયા દાદાના દર્શન માટે ખૂબ જ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડ્યાં હતાં અને સમગ્ર ડભોડામાં લોકમેળા જેવો માહોલ છવાયો હતો. હનુમાન જયંતિ નિમિતે દર્શનાર્થીઓ માટે મહાપ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આજે આશરે ૫૦ હજારથી વધુ ભક્તો મહાપ્રસાદનો લાભ લીધો હતો અને આશરે બે લાખથી વધુ ભક્તોએ ડભોડા દાદાના દર્શન કર્યા હતા. મોટી સંખ્યામાં ભાવિકો દાદાની શોભાયાત્રામાં જોડાયાં હતા.

ઉલ્લેખનીય છે કે આજે ડભોડા ખાતે દાદાના દર્શાનાર્થે મોટીસંખ્યામાં ભાવિભકતો ઉમટ્યા હતા. ત્યારે આકરી ગરમીમાં ભકતો માટે મંદિરના આયોજકો અને ગ્રામજનો દ્વારા ઠેરઠેર ઠંડા પાણી અને છાશનુ વિતરણ કરવામાં આવ્યું હતું.

ખૂણેખાંચરેથી

● જિલ્લા કલેકટર કુલદીપ આર્ય આજે રજા પર હતા.

● જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ પણ આજે રજા પર હતા.

● જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક અધિક નિવાસી કલેકટર સુશ્રી રીતુસિંઘના અધ્યક્ષપદે મળી હતી.

● આજની ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં જિલ્લાના પાંચેય ધારાસભ્યો ગેરહાજર રહ્યા હતા.

● જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલની અધ્યક્ષતામાં એક પ્રતિનિધિમંડળ આજે આઈકોનીક સપ્તાહની ઉજવણી માટે દિલ્હી જવા રવાના થયુ છે.

● આજે હનુમાન જયંતિ અને ચૈત્રી પૂનમનો દિવસ હોવાથી નાના મોટા ધાર્મિક આયોજનો આજે શહેરભરમાં થયા હતા.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● રોડ સેફટી અંગે જિલ્લાકક્ષાની સમિતિની બેઠક આજે અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુસિંઘના અધ્યક્ષપદે મળી હતી જેમાં માર્ગ-અકસ્માતોના બનાવોને નાથવાના મુદ્દે ગંભીર ચર્ચાઓ થઈ હતી.

● જિલ્લામાં ૨૦મી એપ્રિલ સુધી મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૨-૨૩ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. જો કે પવનના સુસવાટાઓ ગરમીમાં રાહત આપશે. આ તારીખ સુધી પવનની સરેરાશ ગતિ ૧૪ થી ૧૮ કિ.મી. પ્રતિ કલાક રહેવાની છે.

● ગાંધીનગર તાલુકાના રામપુરા-સોનારડા ખાતે નવનિર્મિત રામજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

ચિલોડા સર્કલ પર હંમેશા ટ્રાફિકજામની સમસ્યા રહે છે. ઓવરબ્રીજ બનાવવામાં આવ્યો હોવા છતાં ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. વળી અહીં કારણ વગર પોલીસે બેરીકેટ મુક્યા છે જેના કારણે વાહનચાલકોને તકલીફ પડે છે.

સીએનજીનો ભાવ વધતો જ જાય છે. રીક્ષાચાલકો ભાવ વધારાનો સતત વિરોધ કરી રહ્યા છે. દહેગામ તાલુકામાં રીક્ષાચાલકોએ સીએનજીના ભાવ વધારાનો વિરોધ કરી એક દિવસની હડતાલ પાડી હતી.

શહેરમાં બજારોમાં ગોરસ આંબલીનું આગમન

ગોરસ આંબલીનું ઉનાળામાં સેવન કરવું ખૂબ લાભદાયી છે

ગાંધીનગર, તા. ૧૬

ઉનાળાની મોસમમાં શહેરના માર્કેટમાં ઉનાળુ ફળોની જમાવટ જોવા મળી રહી છે. જે પૈકી ગોરસ આંબલી પણ માર્કેટમાં દેખાઈ રહી છે. શહેરના માર્કેટમાં આસપાસના ગામ વિસ્તારોમાંથી આ ગોરસ આંબલીની આવક થઈ રહી છે.

જોવા જઈએ તો કુદરતે આપણને એવા ઘણા બધા ફળ, ફૂલ, ઝાડ અને જડી બુટ્ટીઓ આપી છે જે આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભકારી હોય છે અને આપણા સ્વાસ્થ્યને લગતી બધી સમસ્યાઓનું નિવારણ પણ હોય છે.

એવું જ એક ફળ, એવું જ એક ઝાડ છે મીઠી આંબલી જેને ગોરસ આંબલી કહેવામાં આવે છે. અલગ અલગ વિસ્તાર પ્રમાણે તેના અલગ અલગ નામો છે. કોઈક જગ્યાએ તેને જલેબી ફ્રૂટ તરીકે તો વળી કોઈક જગ્યાએ તેને ગંગા આંબલી પણ કહે છે.

મીઠી આંબલીમાં પ્રોટીન, કાર્બોઆઈડ્રેટ, કેલ્શિયમ, ફોસ્ફરસ, લોહતત્વ જેવા ખનીજ તત્વોની સાથે સાથે વિટામીન ઈ, બી૧, બી૨, બી૩, વચ્ચે ભરપૂર માત્રામાં મળી રહે છે.

તેની છાલનો તેના પાનનો અને તેના ફળ બધાનો ઉપયોગ વિવિધ રોગોમાં કરવામાં આવે છે. ત્વચાના રોગ, ડાયાબિટીશ હોય કે પછી આંખને લગતા રોગો હોય ઘણા બધા દર્દોમાં ગોરસ આંબલીનો ઉપચાર તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

ગોરસ આંબલીનું સેવન કરવાથી હાડકા અને દાંત મજબૂત થાય છે. માથાના દુખાવામાં મીઠી આંબલીના છાલનો ઉકાળો ૧૫ થી ૨૦ મીલી જેટલો પીવાથી તરત જ રાહત થઈ જાય છે. મીઠી આંબલીના પાંદડા અને તેના ફૂલોનો ઉકાળો બનાવીને ૧૦-૧૫ મિલી જેટલો ઉકાળો પીવાથી શ્વાસને લગતી લગભગ બધી જ સમ્યાઓમાં રાહત મળી જાય છે.

ગોરસ આંબલીના સેવનથી ઈમ્યુનિટી પણ વધે છે. કોરોના વાયરસને લીધે આજકાલ ઈમ્યુનિટીની ઘણી ચર્ચા છે તેવામાં તેનું સેવન રોજ કરવું લાભકારક છે.

સાદરા સંકુલમાં રામભક્ત હનુમાનજી વિષયક પ્રવચન યોજાયું

ગાંધીનગર, તા. ૧૬

સંકુલ સાદરાના સરદાર ઉપાસના મંદિરમાં હનુમાન જયંતીના દિવસે રામભક્ત હનુમાનજીના વિવિધ પ્રસંગોસભર પ્રાધ્યાપક બળદેવભાઈ મોરીએ ૩૧૦ વિદ્યાર્થીઓની સભા સમક્ષ પ્રવચન કર્યુ હતુ. જેમાં પવનસુત હનુમાનજીના જન્મ સ્થળથી માંડી, બાલ્યાવસ્થા, હનુમાનજીની નમ્રતા, વિવેક, સાહસ, શૌર્ય, મદદ કરવાની સદ્‌ભાવના, સીતાજી અને શ્રીરામ સાથેના વચનબદ્ધ નભાયેલા સતકાર્યોનો અનેક પ્રસંગો યાદ કરાવ્યા હતા. ડરપોકોને ભય લાગે ત્યારે હનુમાનચાલીસા ગાઈ નિર્ભય બનવાની શીખ આપતાં હનુમાન ચાલીસાનું ગાન કર્યુ હતુ. સંકુલ સંયોજક રમેશભાઈ પટેલે આભારદર્શન કરતાં બળદેવ મોરીની આ વિશિષ્ટ પ્રવૃત્તિને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુએ કર્યુ હતુ.

પાટનગરમાં નહી પ્રવેશવાની શરતે યુવરાજસિંહના જામીન મંજુર

ગાંધીનગર, તા.૧૬

પાટનગરમાં વિદ્યાસહાયકોના સમર્થનમાં પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ટોળાને ઉશ્કેરી પોલીસ પર ગાડી ચડાવી દેવાનો પ્રયાસ કરવાના ગુનામાં ગાંધીનગર કોર્ટે આંદોલનકારી યુવરાજસિંહના જામીન મંજુર કરવામાં આવ્યા છે.જો કે યુવરાજસિંહ ૧૫ હજારના બોન્ડની સાથેસાથે ચાર્જશીટ રજુ ન થાય ત્યાં સુધી પાટનગરમાં નહી પ્રવેશવાની શરતે કોર્ટે જામીન મંજુર કર્યા છે. બંન્ને પક્ષની દલીલોને સાંભળી ગાંધીનગર કોર્ટે યુવરાજસિંહના શરતી જામીન મંજુર કર્યા છે.યુવરાજસિંહના વકીલે જણાવ્યું છે કે કોર્ટે જામીન મંજુર કર્યા છે, ચાર્જશીટ ફાઈલ ન થાય ત્યાં સુધી યુવરાજસિંહ ગાંધીનગરમાં પ્રવેશી નહી શકે,.૧૫ હજારના જામીન અને કોર્ટની પરવાનગી વિના ગુજરાત બહાર પણ યુવરાજસિંહ જઈ શકશે નહી. કેસના તપાસ અધિકારીને પુરતો સહયોગ આપવાની શરતે જામીન મંજુર કર્યા છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મદિવસની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૬

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં ભારતના પ્રથમ કાયદામંત્રી અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મદિવસ નિમિત્તે તેમના પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ગાંધી અને આંબેડકર, ભારતનું સંવિધાન, ડૉ. બાબસાહેબ આંબેડકર, ડૉ. બાબસાહેબ આંબેડકરનું સામાજિક ચિંતન વગેરે જેવા ૨૫ પુસ્તકો ગોઠવવામાં આવ્યાં હતાં. આ પ્રદર્શન ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી, ગ્રામ અર્થશાસ્ત્રના અધ્યાપક ડૉ. નિમિષાબહેન શુક્લ, સંકુલના સંયોજક રમેશભાઈ પટેલ તથા સંકુલના વિદ્યાર્થીઓ અને સેવક મિત્રોએ નિહાળ્યું હતું. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશભાઈ પરીખ, દિશા દવે અને કિશન પંચાલ, દ્વારા કરવામાં આવ્યું હતું.

ચિલોડા ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શેરી નાટક દરમ્યાન શપથવિધિ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ગાંધીનગરના માધ્યમ દ્વારા સ્વચ્છ ગ્રામીણ-૨૦૨૨ અંતર્ગત પખવાડિયું દ્વારા અરિહંત આર્ટ કોમ્યુનિકેશન સંસ્થાના કલાકાર દ્વારા ગાંધીનગર જિલ્લો તેમજ તાલુકામાં સ્વચ્છતા અંતર્ગત ચિલોડા ગામ તેમજ ગ્રામજનોને સ્વચ્છતા જનજાગૃતિ અંગે સમુહ શપથ લેવડાયા હતા. ગ્રામીણ યોજના હેઠળ ઓડી એફ પ્લસ ફેઝ-૨ અંતર્ગત પ્રચાર-પ્રસાર કાર્યક્રમના ઉપક્રમે યોજાયેલ ખાસ કાર્યક્રમમાં સુકો કચરો, લીલો કચરો અલગ કરવા, સ્વચ્છતાલક્ષી જાગૃતિ માટે ઘન કચરાનો નિકાલ કરવો વગેરે પ્રયત્નો કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં ગામના સરપંચ શ્રીમતી શ્વેતલબેન પટેલ, ડે. સરપંચ અસ્મિતાબેન પટેલ, તલાટી કમ મંત્રી અનિતાબેન પટેલ, અગ્રણી જૈમિનભાઈ પટેલ, પી.એલ.વી. નટુભાઈ પટેલ તથા ગ્રામ પંચાયતના સભ્યો અને વિસ્તરણ અધિકારી દર્શનભાઈ આચાર્ય, કલાકાર વૃંદ પુજાબેન લખવારા, કુંદનભાઈ પંડ્યા, મુકેશ જાની, કુસુમબેન જાદવ, નીતિનભાઈ શાહ દ્વારા સ્વચ્છતાલક્ષી શેરીનાટક રજૂ કર્યુ હતુ. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ નિહાળ્યુ હતુ.

ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ લી. ગાંધીનગર

જાહેર નિવિદા

જાહેરાત ક્રમાંક-૦૩ / ૨૦૨૨-૨૦૨૩

કાર્યપાલક ઈજનેર (સી) યુનીટ-૨ (સુજલામ સુફલામ) બીજે માળ, સ્ટેટ વોટર ડેટા સેન્ટર બીલ્ડીંગ, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૯૯૯૯૨૩૬ દ્વારા નીચે જણાવેલ કામો માટે માર્ગ અને મકાન વિભાગમાં અને / અથવા નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય યાદીની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી ઓનલાઈન બી-૧ ભાવપત્રકો માંગવામાં આવે છે.

(૧) પ્રોવાઈડ ઈરીગેશન નેટવર્ક એટ વજાપુર પોન્ડ (સર્વે નં. ૨૮૩ ઓલ્ડ સર્વે નં. ૨૯૧) ઓફ વિલેજ જોરાજીના મુવાડા તા. તલોદ, ડીસ્ટ્રીક્ટ સાબરકાંઠા ફોમ એક્ષીસ્ટીંગ સ્કાવર વાલ્વ એટ ચેનેજ ૨૮૪૦૦ મીટર અન્ડર જલુન્દ્રા - માધવગઢ પાઈપલાઈન બાય-૨૮૦ એમ.એમ.એચ.ડી.પી.ઈ. પાઈપલાઈન

(૨) અંદાજીત રકમ : રૂ. ૫૩,૫૪,૭૭૩.૮૮

(૩) ઈજારદારનો વર્ગ તથા ટેન્ડર ફી : ડી અથવા ઉપર રૂ. ૨૮૩૨/-

(૪) ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ અને રજૂ કરવાની છેલ્લી તારીખ : ૩૦/૪/૨૦૨૨ ૧૮.૦૦ કલાક સુધી

(૫) ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો ફીજીકલી કચેરીમાં રજૂ કરવાની તારીખ : ૧/૫/૨૦૨૨ થી તા. ૭/૫/૨૦૨૨ (કચેરી સમય દરમિયાન) ફક્ત સ્પીડ પોસ્ટ / આર.પી.એ.ડી.થી મોકલવાના રહેશે.

બાનાની રકમની મુદત ૧૮૦ દિવસની હોવી જોઈએ અન્યથા ટેન્ડર ગણત્રીમાં લેવામાં આવશે નહી. ઈસ્ડ ઈટીઈંહિ ઈંકિષ્ટ્ટી સ્વીકારવામાં આવશે નહીં. વધુ વિગતો નિગમ / સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.in અથવા www.statetenders.gujarat.gov.in અને www.gwrdc.nprocure.com મારફતે જોઈ શકાશે તથા ટેન્ડર ઓનલાઈન ભરવાનું રહેશે.

માહિતી/૧૦૨/૨૨-૨૩

પ્રમુખ પરિસર બંગ્લોઝમાં મધ્યરાત્રીએ લુંટારૂઓ ત્રાટક્યા

ગાંધીનગર,તા.૧૬

શહેરના ખ-૧ પ્રમુખ ગ્રીન્સ પાર્ટી પ્લોટની પાછળ આવેલા પ્રમુખ પરિસર બંગ્લોઝમાં રાત્રીના અઢી વાગે ૭ જેટલા તસ્કરો ત્રાટક્યા હતા. બંગ્લોઝનો દરવાજો તોડી અંદર પ્રવેશતા અવાજ થતા મકાન માલિક મહિલા જાગી ગયા હતા. મહિલાને હાથ વડે માર મારી છરો બતાવી ચુપ કરી ત્રણ તોલા વજનની સોનાની બંગડીઓ, મોબાઈલ ફોન અને રોકડા રૂ.૫૦૦ મળી કુલ રૂ.૧.૫૦ લાખથી વધુની લુંટ કરી ભાગી ગયેલા ૭ અજાણ્યા શખ્સો સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના ખ માર્ગ પર પ્રમુખ ગીન્સ પાર્ટી પ્લોટની પાછળના ભાગે ટીપી-૯માં આવેલા પ્રમુખ પરિસર બંગ્લોઝ મકાન નં.સી-૨૨ ખાતે પુરીબેન શંકરભાઈ ચૌધરી પતિ તથા સાસુ રામીબેન તેમજ દિકરા સંજય સાથે રહે છે. ગતરોજ તા.૧૫ ના રોજ સાંજના ચાર વાગ્યાના અરસામાં પુરીબેનના પતિ શંકરભાઈ ચૌધરી સારંગપુર હનુમાન દાદાના દર્શન કરવા માટે ગયા હતા. જયારે ઘરમાં પુરીબેન,દિકરો સંજય અને સાસુ રામીબેન હાજર હતા. રાતના ૧૦ વાગ્યાના અરસામાં જમી પરવારીને મકાનનો દરવાજો બંધ કરી પુરી બેન નીચે બેડરૂમમાં સુઈ ગયા હતા. જયારે તેમનો દિકરો અને સાસુ ઉપરના માળે સુતા હતા. જયારે મકાનનો દરવાજો અને જાળી રાત્રીના અઢી વાગે ખખડતા પુરીબેન જાગીને દરવાજા તરફ નજર કરતા ૭ જેટલા બુકાનીધારી શખ્સો

વૃધ્ધાને છરો બતાવી દોઢ લાખના દાગીના લઈ ગયા

દરવાજો તોડી અંદર ઘુસી ગયા હતા. પુરી બેન કંઈ પણ સમજે કે વિચારે તે પહેલા જ લુંટારૂઓએ તેમને નીચે પાડી દઈ બરડાના ભાગે માર માર્યો હતો. જયારે એક શખ્સે છરો બતાવી ચુપ કરતા બીજા લુટારુએ હાથમાં પહેરેલ સોનાની ત્રણ તોલા વજનની બંગડી કાઢી લીધી હતી. પુરીબેને બુમાબુમ કરી મુકતા ઉપરના માળે સુઈ રહેલો તેમનો દિકરો સંજય પણ જાગી ને નીચે આવ્યો હતો. ત્યારે સંજય ને પણ લુંટારુએ ધોકો મારી હાથે ઈજા પહોંચાડી હતી.જયારે મા અને દિકરાએ બુમાબુમ કરતા લુંટારૂઓ એક પછી એક ઘરમાંથી નાસી ગયા હતા. જો કે જતા જતા તેઓ ઘરમાંથીમોબાઈલ અને પર્સમાંથી રોકડા રૂ.૫૦૦ લઈ ગયા હતા. જયારે બુમાબુમને પગલે પાડોશીઓ પણ દોડી આવ્યા હતા. બનાવની જાણ થતા અડાલજ પોલીસ આવી ગઈ હતી. જયારે સીસીટીવી ફુટેજ મેળવી આસપાસના વિસ્તારમાં પોલીસે શોધખોળ તેજ કરી છે. જયારે પ્રમુખ પરિસર બંગ્લોઝમાં લુંટારૂઓ ત્રાટકતા વસાહતી ઓમાં ભય ફેલાયો છે.